UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
અંક-૬૫, ડિસેમ્બર ૨૦૨૧ - જાન્યુઆરી ૨૦૨૨



## યુજીવીસીએલને ફાળે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ-૨૦૨૧ (NECA-2021)



માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના વરદ હસ્તે રાહ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ



વડનગર ખાતે સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા સાયકલ યાત્રા




યુજીવીસીએલ દ્વારા વીજ-બચત સપ્તાહની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી

## આ અંકમાં

**અંક-૬૫**
**ડિસેમ્બર ૨૦૨૧ - જાન્યુઆરી ૨૦૨૨**

**સંરક્ષક**
શ્રી કે. એસ. રંધાવા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી બી. જી. પ્રણામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**પ્રિય વાચકમિત્રો,**
**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com

## આ અંકનાં આકર્ષણો...

**એવોર્ડ**
- યુજીવીસીએલને ફાળે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ-૨૦૨૧ (NECA-2021) ૦૪

**ઝુંબેશ**
- આઝાદી કા અમૃત મહોત્સવ ૨૦૨૧ અન્વયે ગરીબ લાભાર્થીઓને નવીન વીજ જોડાણ વિનામૂલ્યે આપવા ઝુંબેશ ૦૫

**ઉજવણી**
- યુજીવીસીએલ દ્વારા વીજ-બચત સપ્તાહની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી ૦૬
- વડનગર ખાતે સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા સાયકલ યાત્રા ૦૭

**પ્રમાણપત્ર**
- ગ્રાહકને સંતોષ આપવાના પ્રયાસોને અનુલક્ષીને આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૧૫ ના પ્રતિષ્ઠિત પ્રમાણપત્રની પ્રાપ્તિ ૦૮

**લોકાર્પણ**
- રાહ પેટા-વિભાગીય કચેરી લોકાર્પણ ૦૯

**ગૌરવ**
- માનનીય મંત્રીશ્રીઓ દ્વારા 'આપણું યુજીવીસીએલ' મેગેઝિનનું ધ્યાનપૂર્વક નિરક્ષણ ૧૦
- કલર્સ ટીવી પર "તસ્વીર સે તકદીર" અંતર્ગત રમત સ્પર્ધામાં પસંદગી ૧૦
- પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે થયેલ પસંદગી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ ૧૦
- ડીસામાં જીઈબી કર્મીઓની મંડળીનું સ્નેહમિલન ૧૧

**સંક્ષિપ્ત સમાચાર**
- વીજ નિરીક્ષક સાથે પરામર્શ બેઠક ૧૨
- સલામતી અંગે પરામર્શ બેઠક ૧૨
- મહેસાણા સિવિલ હોસ્પિટલને ઓક્સિજન સિલિન્ડર અર્પણ ૧૨
- હવે વોટ્સએપ નંબરથી પણ ફરિયાદ નિવારણ ૧૩
- વિભાગીય કચેરી ડીસા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન ૧૩
- યુજીવીસીએલ પરિવારે બે વીજકર્મી ગુમાવ્યા ૧૩

**વાર્તા**
- દિવાળીની અમુલ્ય બક્ષીસ ૧૪

**કાવ્યધારા** ૧૫



**તાજેતરમાં આપણી કંપનીને કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય તરફથી પ્રતિષ્ઠિત એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધિ આપ સૌની કાર્યનિષ્ઠાને આભારી છે. હું સૌ કર્મચારીઓને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.**

**"જેવું આપણે વિચારીએ છીએ તેવા જ આપણે બની જઈએ છીએ. આપણું જીવન આપણા વિચારોનું ફળ છે. ઉજ્જવળ અને ઉન્નત આત્માથી વિશેષ કશું પ્રયત્ન કરવા યોગ્ય નથી. ઘણા મનુષ્યો તેમની નિરાશાને કારણે જ તેમની દિવ્ય શક્તિઓને સંકુચિત કરી લે છે."**

**- સ્વેટ જોર્ડન**

**પ્રિય કર્મચારી મિત્રો**

૨૦૨૨નું આગામી વર્ષ નવી આશાઓ આકાંક્ષાઓ અને સંકલ્પો સિદ્ધ કરવાની ઊર્જા સાથે આપ સર્વેના જીવનમાં સોનેરી કિરણો લઈ આવે તેવી અભ્યર્થના સાથે યુજીવીસીએલના પરિવારના તમામ સભ્યોને હું શુભેચ્છાઓ પાઠવું છું.

આ વર્ષે આપણે દેશના ૭૩મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે સમગ્ર વિશ્વ માટે ઉદાહરણ રૂપ, આદર્શ બંધારણના ઘડવૈયા શ્રી બાબાસાહેબ આંબેડકરને સાદર યાદ કરીને ભાવાંજલિ અર્પણ કરીએ. પ્રજાસત્તાક પર્વ માટે પણ તમામ પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવું છું.

આપ સૌને જાણીને આનંદ થશે કે તા.૧૪-૧૨-૨૦૨૧ના રોજ આપણી કંપનીને કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય તરફથી પ્રતિષ્ઠિત એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધિ આપ સૌની કાર્યનિષ્ઠાને આભારી છે. હું સૌ કર્મચારીઓને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું. રાષ્ટ્રીય કક્ષાના ત્રીજા એવોર્ડઝ સાથે આપણને કુલ ૩૦ જેટલા એવોર્ડઝ મળેલ છે. વિવિધ ક્ષેત્રોમાં વિવિધ કામગીરી માટે આપણને એવોર્ડઝથી સન્માનિત કરવામાં આવે છે. 'વીજ બચત' માટે મળેલ આ એવોર્ડથી આપણી જવાબદારી વધી છે. વીજ બચત માટે આપણે વધુ સતર્ક રહીશું તેવી અપેક્ષા રાખું છું.

મિત્રો, છેલ્લાં બે વર્ષથી આપણે કોરોના મહામારી સામે સંઘર્ષ કરી રહ્યા છીએ. આગામી સમયમાં પણ વાયરસ 'ઓમિક્રોન'ની સંભાવનાઓ સાથે ત્રીજી લહેરની આગાહી કરવામાં આવી રહી છે. ત્યારે સરકાર દ્વારા ઘડવામાં આવેલ આચારસંહિતાનું ગંભીરતાથી પાલન કરવા આપને અપીલ કરું છું અને રસીકરણ કાર્યક્રમ અંતર્ગત બાકી રહેલ તમામ કર્મચારીઓને રસી મેળવી લેવા અનુરોધ કરું છું.

વિપરિત સંજોગોમાં પણ આપણામાં રહેલી શક્તિઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરી આપણે સતત આગળ વધી રહ્યા છીએ અને વધતા રહીશું તેવી અભ્યર્થના સાથે...

**કે. એસ. રંધાવા,** આઈએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ



# યુજીવીસીએલને ફાળે નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ-૨૦૨૧ (NECA-2021)

## કુલ 30 (ત્રીસ) એવોર્ડઝ સાથે, ત્રીજો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યો...

સાતત્યપૂર્ણ વિશ્વસનીય વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે ખ્યાતિ પામેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ફાળે વધુ એક નેશનલ એવોર્ડ ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા અર્પણ કરવામાં આવેલ છે.

યુજીવીસીએલ દ્વારા તા. ૦૧-૦૪-૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવ્યા બાદ પ્રાપ્ત કરવામાં આવેલ આ ત્રીસમો એવોર્ડ છે. આ એવોર્ડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ છે. અગાઉ વર્ષ ૨૦૦૭માં બ્રોન્ઝ શિલ્ડ, વર્ષ ૨૦૧૨માં ગોલ્ડ શિલ્ડ બાદ આ ત્રીજો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. સદર એવોર્ડ કેન્દ્ર સરકારના



માનનીય ઊર્જામંત્રી શ્રી આર.કે. સિંઘના વરદ્ હસ્તે માનનીય ઊર્જા રાજ્ય મંત્રી શ્રી કિશન પાલની ઉપસ્થિતિમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા અને મુખ્ય ઈજનેર શ્રી વી.એમ. શ્રોફને તા.૧૪-૧૨-૨૦૨૧ના રોજ વિજ્ઞાન ભવન, નવીદિલ્હી ખાતે યોજાયેલ સમારંભમાં અર્પણ કરવામાં આવેલ છે.

### એવોર્ડ વિશેની માહિતી

સદર એવોર્ડ ભારતની તમામ વીજ વિતરણ કંપનીઓ પૈકી વીજ વપરાશ ઘટાડવા માટે વિશેષ પ્રયાસો કરવા બદલ એનાયત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ વીજ વપરાશ ઘટાડવા માટેના વિશેષ પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવેલ છે.

### એવોર્ડ માટેના પરિમાણો

- વીજ બચત અને એટીએન્ડસી લોસ ઘટાડવાની કામગીરી
- એસીએસ - એઆરઆરનો તફાવત, સ્ટાર રેટેડ ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરનો ઉપયોગ ટકાવારીમાં
- સ્માર્ટ મીટરના ઈન્સ્ટોલની ટકાવારી
- ખેતીવાડી વીજ ગ્રાહકોમાં મુકવામાં આવેલ મીટરની ટકાવારી
- SCADA ઈન્સ્ટોલ્ડની જિલ્લાવાર ટકાવારી

- એનર્જી ઓડીટનું આયોજન (થર્ડ પાર્ટી ઓડીટ)
- મીટર નાખવામાં આવેલ હોય તેવા ગ્રાહકોની ટકાવારી

### એવોર્ડ આપનાર સંસ્થા વિષે માહિતી

ભારત સરકારના વીજ મંત્રાલય હસ્તકની બ્યુરો ઓફ એનર્જી એફીસીયન્સી (BEE) કંપની વીજ બચત ક્ષેત્રે ખાસ પ્રકારની કામગીરી કરી રહેલ છે. ભારતની વીજ વિતરણ કંપનીઓને વીજ વપરાશ ઘટાડા દ્વારા વીજ બચત થાય તે માટે પ્રોત્સાહન આપી રહેલ છે.

કોરોનાના કપરાકાળ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપનીના કર્મઠ કર્મચારીઓ દ્વારા પોતાની કાર્યદક્ષતા બતાવીને ત્રીસમો એવોર્ડ અપાવેલ છે. એવોર્ડ મળ્યાની જાહેરાત બાદ કંપનીના ઉચ્ચઅધિકારીઓને અન્ય વીજ વિતરણ કંપનીના ઉચ્ચઅધિકારીઓ તરફથી અભિનંદનના સંદેશા પ્રાપ્ત થયેલ છે જેને લીધે કંપનીમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળેલ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા દ્વારા કંપનીના નાનામાં નાના કર્મચારીઓથી લઈને ઉચ્ચઅધિકારીઓના સહિયારા પુરુષાર્થને બિરદાવીને અભિનંદન પાઠવવામાં આવેલ છે. ■



તા. ૨૮-૧૨-૨૦૨૧ના રોજ સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા અને મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા દ્વારા એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ દર્શાવવામાં આવતા માનનીય મંત્રીશ્રીએ એવોર્ડ મેળવવા બદલ કંપનીના તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ.

# આઝાદી કા અમૃત મહોત્સવ ૨૦૨૧ અન્વયે ગરીબ લાભાર્થીઓને નવીન વીજ જોડાણ વિનામૂલ્યે આપવા ઝુંબેશ

## ગરીબ લાભાર્થીઓ માટે યુજીવીસીએલ દ્વારા અમલીકરણ માટેની પ્રતિબદ્ધતા...

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧ દરમ્યાન આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે સરકારશ્રી દ્વારા તમામ ક્ષેત્રે વિશેષ કામગીરી થાય તે દિશામાં સૂચનાઓ પાઠવવામાં આવેલ છે જે થકી ગુજરાત સરકારના વડપણ હેઠળ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા તમામ વીજકંપનીઓને દરેક ક્ષેત્રમાં વિશેષ કામગીરી કરવા માટે આહ્‌વાન કરવામાં આવેલ.

જેના ભાગરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખાસ અંગભૂત યોજના, ઝુંપડપટ્ટી યોજના તેમજ કુટીર જ્યોતિ યોજનામાં સામુહિક ઝુંબેશ કરીને નવીન વીજ જોડાણો આપવાના કાર્યક્રમ હેઠળ વર્તુળ કચેરી, વિભાગીય કચેરી, પેટાવિભાગીય કચેરી દ્વારા સહિયારા પુરુષાર્થથી તા. ૦૧-૧૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રમાં આવેલ, કુલ ૪૫૦૩ ગામડામાં ખાસ ઝુંબેશ ચલાવીને કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને નાનામાં નાના કર્મચારીઓ સાથે રહીને સહિયારા પુરુષાર્થથી ગરીબ લાભાર્થીઓને વીજ જોડાણો આપવાની સરકારની યોજનાઓ અન્વયે આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ.

સરકારશ્રી દ્વારા જ્યારે ગ્રાહકલક્ષી નિર્ણયો લેવામાં આવેલ છે ત્યારે યુજીવીસીએલ એ ત્વરિત અમલ કરીને લક્ષ્યાંકો સિધ્ધ કરેલ છે. ઉત્તર ગુજરાતના કુલ ૮૨૫૦ જેટલા વીજ જોડાણો ગરીબ લાભાર્થીઓને રહેણાંકના હેતુ માટે વિનામૂલ્યે આપવાનું આગોતરું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

તા. ૦૧-૧૦-૨૦૨૧થી તા. ૨૭-૧૨-૨૦૨૧ સુધી કુલ ૧૦૯૭૧ (દસ હજાર નવસો ઈકોતેર) વીજ જોડાણો સો ટકા લક્ષ્યાંક સિદ્ધ કર્યા ઉપરાંત ગરીબ લાભાર્થીઓને આપવામાં આવેલ છે. સંપૂર્ણ લક્ષ્યાંક સિધ્ધ કરવાનો સમય તા. ૩૧-૧૨-૨૦૨૧ આપવામાં આવેલ છે. યુજીવીસીએલ સંપૂર્ણ લક્ષ્યાંક ઉપરાંત વીજ-જોડાણો આપી સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવેલ ઝુંબેશનો હકારાત્મક પ્રતિસાદ આપી પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ છે. ■

# યુજીવીસીએલ દ્વારા વીજ-બચત સપ્તાહની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી

તા. ૧૪થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન વીજ-બચત સપ્તાહની ઉજવણી દર વર્ષે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવે છે જે અંતર્ગત વીજ-બચત અંગેના સેમીનાર, વીજ-બચત અંગેની નિબંધ સ્પર્ધા, વીજ-બચત અંગેની ચિત્ર સ્પર્ધા, વીજ-બચત અંગેની રેલીઓનું આયોજન, ચોપાનીયાની વહેંચણી દ્વારા વીજ-બચત અંગે જાગૃતિ કેળવવાના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે.

આ વર્ષે પણ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ તરફથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના માર્ગદર્શન હેઠળ તેમજ શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન)ના નેતૃત્વ હેઠળ કંપનીના ડી.એસ.એમ. સેલ દ્વારા શ્રી આર.સી. દેસાઈ, અધિક્ષક ઇજનેરના વડપણ નીચે વીજ-બચત સપ્તાહની ઉજવણી અંગે વિવિધ કાર્યક્રમોના આયોજન માટે સૂચનાઓ પાઠવવામાં આવેલ. જે અંતર્ગત કંપની હસ્તકના મહેસાણા, પાલનપુર, હિંમતનગર અને સાબરમતી વર્તુળ કચેરીની વિભાગીય કચેરીઓ તથા પેટા-વિભાગીય કચેરીઓ દ્વારા ઉત્સાહભેર વીજ-બચત સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ.

### હિંમતનગર વિભાગીય કચેરી દ્વારા વીજ-બચત સપ્તાહની ઉજવણી

હિંમતનગરના માનવંતા ગ્રાહકોમાં વીજ-બચત અંગે જાગૃતિ કેળવાય તેમજ લોકો સૂર્ય ઊર્જાના સ્ત્રોતનો વધુમાં વધુ ઉપયોગ કરી વીજ-બચત કરે તે માટે વિશાળ રેલીનું આયોજન કરેલ જેમાં સૂત્રોચ્ચાર દ્વારા તેમજ વીજ-બચત અંગેના ચોપાનીયા વહેંચીને જન-જાગૃતિ કેળવવાનો પ્રયાસ કાર્યપાલક ઈજનેર શ્રી એચ.જે. જોશીના વડપણ હેઠળ હિંમતનગર વર્તુળ કચેરીથી ટાવર ચોક સુધી કર્મચારીઓની રેલીનું આયોજન કરવામાં આવેલ.

### તલોદ-રણાસણ પેટા-વિભાગીય કચેરી દ્વારા વીજ-બચત સપ્તાહની ઉજવણી

તા. ૧૪-૧૨-૨૦૨૧ના રોજ હિંમતનગર વિભાગીય કચેરીના તાબા હેઠળની રણાસણ પેટા-વિભાગીય કચેરી દ્વારા 'વીજ બચત સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત રણાસણ ગામની શ્રી સી. વી.ગાંધી હાઇસ્કૂલ ખાતે ચિત્ર તથા નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેમાં હાઇસ્કૂલનાં કુલ ૭૫ બાળકો દ્વારા ભાગ લીધેલ. જે પૈકી પ્રથમ ત્રણ બાળકોને ઇનામ સાથે પ્રમાણપત્ર તથા ભાગ લેનાર દરેક બાળકોને પ્રમાણપત્ર સાથે પ્રોત્સાહિત ઇનામ આપવામાં આવ્યું. સદર કાર્યક્રમનું આયોજન રણાસણ કચેરીના નાયબ ઈજનેર શ્રી આર.વી. ઓડ તથા તેમનાં સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું તથા સદર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી સી. વી. ગાંધી હાઇસ્કૂલ, રણાસણના આચાર્યશ્રી અને તેમના સ્ટાફનો પણ સહકાર મળેલ.


હિંમતનગર



હિંમતનગર

### પ્રાંતિજ પેટા-વિભાગીય કચેરી દ્વારા વીજ-બચત સપ્તાહની ઉજવણી

પ્રાંતિજ ખાતે અવરઓન હાઇસ્કૂલના સહયોગથી પ્રાંતિજ પેટા-વિભાગીય કચેરી દ્વારા ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૧૭૦ જેટલા બાળકોએ ભાગ લીધેલ. વીજ-બચત અને સૌરઊર્જાને લગતી સ્પર્ધામાં વિજેતા બનેલ બાળકોને અભિનંદન પાઠવવામાં આવેલ. નાયબ ઈજનેર શ્રી એસ.એમ. યાદવે વીજ-બચત અને સૌરઊર્જા અંગે વિસ્તૃત માહિતી આપેલ. શાળાના આચાર્ય શ્રી પરેશભાઈ પરમાર અને સૃશ્રીરેખાબેન ગુપ્તા ઉપસ્થિત રહેલ.

### કલોલ વિભાગીય કચેરી દ્વારા વીજ-બચત સપ્તાહની ઉજવણી

કલોલ વિભાગીય કચેરી દ્વારા શેઠ કે.જી.એમ. ગર્લ્સ હાઇસ્કૂલના સહયોગથી ઊર્જા બચાઓ વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

## પાલનપુર વર્તુળ કચેરી દ્વારા વીજ બચત સપ્તાહની ઊજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના પાલનપુર સર્કલ દ્વારા વીજ-બચત અંગેની રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં વીજ-કંપનીના કર્મચારીઓ-અધિકારીઓ જોડાયા હતાં. સદર રેલી હાઈવે સર્કલ ઓફિસથી નીકળી શહેરના ઢુંઢીયાવાડી, કોઝી વિસ્તાર બસસ્ટેન્ડ થઇ પરત ઓફિસ પહોંચેલ.










## રાધનપુર વિભાગીય કચેરી દ્વારા વીજ બચત સપ્તાહની ઊજવણી




પાલનપુર વર્તુળ કચેરી હસ્તકની રાધનપુર વિભાગીય કચેરી દ્વારા વીજ-બચત અંગે જાગૃતિ કેળવવા માટે રેલીનું આયોજન કરવામાં આવેલ. નાગરિકોમાં વીજ-બચત અંગે જાગૃતિ કેળવાય તે માટે તેમજ લોકો સૂર્યઊર્જાનો સ્ત્રોત સમાન સોલારનો ઉપયોગ કરી વીજળીની બચત કરે અને વધુમાં વધુ લોકો ઊર્જાના કુદરતી સ્ત્રોતો તરફ વળે તે હેતુથી કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા કાર્યપાલક ઇજનેર શ્રી આર.એમ. વસાવાના માર્ગદર્શન નીચે રેલી કાઢી વર્તુળ કચેરીથી જીઆઇડીસી કચેરી સુધી લોકોને સંદેશો પાઠવ્યો હતો. ■




# વડનગર ખાતે સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા સાયકલ યાત્રા

તા. ૦૪-૧૨-૨૦૨૧ના રોજ કલેક્ટર ઓફિસ મહેસાણા દ્વારા વડનગર ખાતે સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા માટે સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ.

૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવને અનુલક્ષીને આરોગ્ય વિભાગ દ્વારા લોકોમાં શારીરિક તંદુરસ્તી અને સુખાકારી પ્રવૃત્તિને પોતાના જીવનમાં ઉતારે એ હેતુથી મહેસાણા શહેરમાં ૨૪૭ હેલ્થ સેન્ટરો ઉપરથી ૩૦૨૯ સાયકલ ચાલકોએ ભાગ લીધેલ. સાયકલ યાત્રાને જિલ્લા કલેક્ટર શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહિલ વગેરેએ લીલીઝંડી આપેલ તથા આઇએમએના સભ્યો સહિતના અધિકારીઓ જોડાયા હતા.





સદર યાત્રા મહેસાણાથી શરૂ થઈને વડનગર શહેરની લટેરી વાવ, કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, એક્ષ્પરીમેન્ટલ મ્યુઝીયમ, હાટકેશ્વર મંદિર, ફરીને મહેસાણા પરત આવેલ. "સાયકલ ટુ વડનગર" કાર્યક્રમનું આયોજન જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા યુવા વિકાસ અધિકારીના સહયોગથી ઇન્ડિયન સાયકલ ક્લબ, મહેસાણા સાથે રહીને કલેકટર ઓફિસ દ્વારા કરવામાં આવેલ.

સાયકલ યાત્રાને સફળ બનાવવા માટે રીટાયર્ડ એડીશનલ ચીફ સેક્રેટરી શ્રી સુજીત ગુલાટી, કલેકટર મહેસાણા શ્રી ઉદિત અગ્રવાલ, મેનેજિંગ ડિરેક્ટર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, શ્રી કે.એસ. રંધાવા, રેસિડેન્શિયલ ડેપ્યુટી કલેકટર શ્રી આઈ.આર. વાળા, પ્રાંત ઓફિસર ખેરાલુ શ્રી એમ.એમ. ડોડીયા તેમજ મહેસાણા અને વડનગરના પ્રબુધ્ધ નાગરીકો વિશાળ સંખ્યામાં હાજર રહીને પ્રોત્સાહન પૂરું પાડેલ. શ્રી કે.એસ. રંધાવા દ્વારા સાયકલ યાત્રામાં પ્રત્યક્ષ રીતે ભાગ લઈને મહેસાણાથી વડનગર અને અન્ય સ્થળોની સાયકલ પર મુલાકાત લઈને કાર્યક્રમમાં ઉત્સાહ પુરેલ. ■

# ગ્રાહકને સંતોષ આપવાના પ્રયાસોને અનુલક્ષીને આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૧૫ ના પ્રતિષ્ઠિત પ્રમાણપત્રની પ્રાપ્તિ

## કાર્યદક્ષતાના ઊંચા માપદંડો પ્રસ્થાપિત કરવા તારીખ ૨૩-૧૨-૨૦૦૮થી તારીખ ૧૧-૦૭-૨૦૨૪ સુધી સતત પ્રમાણપત્રોની પ્રાપ્તિ

કંપનીના નિર્ધારિત લક્ષ્યાંકો હાંસિલ કરવા તેમજ પ્રવર્તમાન વીજ ક્ષેત્રના સ્પર્ધાત્મક વાતાવરણને અનુલક્ષીને તેમજ વીજ નિયમન પંચની ગ્રાહક સુવિધાઓ અને જરૂરી માળખાકીય સુવિધાઓ માટે જરૂરી પરિવર્તનો ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવાની સતત નેમ રાખતા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે તારીખ ૨૩.૧૨.૨૦૦૮ થી કુલ ચાર વાર આઈ.એસ.ઓ ૯૦૦૧ ના પ્રતિષ્ઠિત પ્રમાણપત્રો પ્રાપ્ત કરીને ગ્રાહકોને સંતોષ આપવાના નિષ્ઠાભર્યા પ્રયત્નો હાથ ધર્યાં છે.

કંપનીએ પોતાની પ્રતિષ્ઠાને અનુરૂપ સહિયારા પુરુષાર્થથી વીજ વિતરણ ખોટની ભરપાઈ, મહેસુલી આવક, જ્યોતિગ્રામ યોજનાનું અમલીકરણ વગેરે ક્ષેત્રમાં આગવું પ્રદાન કરેલ છે જેના પરિણામ સ્વરૂપે દેશની જાહેર ક્ષેત્રની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કરેલ છે.


Bureau Veritas Certification

BUREAU VERITAS

UTTAR GUJARAT VIJ COMPANY LIMITED
CORPORATE, CIRCLE(S), DIVISION(S), SUB-DIVISION(S), AREA LOAD DISPATCH CENTER & ENERGY MANAGEMENT CENTER

REGISTERED & CORPORATE OFFICE: VISNAGAR ROAD, P.O.: MEHSANA – 384 001, GUJARAT, INDIA.

This is a multi-site certificate, additional site(s) are listed on the next page(s)

*Bureau Veritas Certification Holding SAS – UK Branch certifies that the Management System of the above organization has been audited and found to be in accordance with the requirements of the Management System Standard detailed below.*

Standard

**ISO 9001:2015**

*Scope of certification*

MANAGEMENT AND PERFORMANCE ENHANCEMENT OF ELECTRICITY DISTRIBUTION OPERATIONS

Original cycle start date: 12 July 2021
Expiry date of previous cycle: Not Applicable
Certification Audit date: 27 April 2021
Certification cycle start date: 12 July 2021
Subject to the continued satisfactory operation of the organization's Management System, this certificate expires on: 11 July 2024
Certificate No. IND.21.7951/QM/U  Version: 1  Revision date: 12 July 2021

*Signed on behalf of BVCH SAS UK Branch*
*Jagdheesh N. MANIAN*
*Head – CERTIFICATION, South Asia*
*Commodities, Industry & Facilities Division*

Certification body address: 5th Floor, 66 Prescot Street, London, E1 8HG, United Kingdom.
Local office: Bureau Veritas (India) Private Limited (Certification Business) 72 Business Park, Marol Industrial Area, MIDC Cross Road "C", Andheri (East), Mumbai – 400 093, India.

Further clarifications regarding the scope of this certificate and the applicability of the management system requirements may be obtained by consulting the organization. To check this certificate validity please call +91 22 6274 2000.

UKAS MANAGEMENT SYSTEMS 0008

Pg 1 of 13

કોઈપણ સંસ્થામાં કામ કરતા કર્મચારીઓની સર્જનાત્મક શક્તિ તેમજ વિધેયાત્મક અભિગમને કારણે જ સંસ્થા સફળતાની નવી ઊંચાઈઓ હાંસલ કરી શકે છે. સંસ્થાને તેમજ સાથી કર્મચારીઓને લાભ થાય તે માટે વિચારો અને આવિષ્કારોની અભિવ્યક્તિ માટે સંસ્થાએ વખતો વખત મોકળાશ આપી છે જેને પરિણામે ત્રીસ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ પ્રાપ્ત કરેલ છે.

આગામી સમયમાં કંપનીની કામગીરી અંગેના નિર્ધારિત લક્ષ્યાંકો વધુ અસરકારક રીતે પાર પાડવાની વિશેષ જવાબદારી ઉઠાવીને ગ્રાહકોને વધુ સારી સેવા દ્વારા સંતોષ આપીને કંપની પ્રત્યે સકારાત્મક વાતાવરણ બને તે માટે કંપનીના તમામ કર્મચારીઓના સહિયારા પુરુષાર્થથી યુજીવીસીએલ પ્રગતિના પંથે પ્રયાણ કરી રહેલ છે.

આઈ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણપત્ર પ્રાપ્ત કરીને ઉત્તર ગુજરાત વીજ કંપની પોતાની ઉત્કૃષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રાહકો તેમજ તમામ હિતધારકોની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે સંકલ્પબદ્ધ છે તેવું પ્રતિપાદિત થાય છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની ત્વારિખમાં તારીખ ૨૩.૧૨.૨૦૦૮થી સતત આઈ.એસ.ઓ. પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

**ISO Certificates Of UGVCL**

| SR. NO. | NAME OF CERTIFICATE | CERTIFICATE GIVEN BY | CERTIFICATE GIVEN ON DATE | VALID FROM | VALID TO | DETAILS |
|---|---|---|---|---|---|---|
| 1. | ISO 9001:2000 | Bureau Veritas Certification (India) Private Limited | 23.12.2008 | 23.12.2008 | 15.11.2010 | For "Management and Performance Enhancement of Electricity Distribution Operations" |
| 2. | ISO 9001:2008 re-certification | Bureau Veritas Certification (India) Private Limited | 04.01.2012 | 11.11.2010 | 21.12.2014 | The re-certification signifies the Company's excellent efforts towards Management and Performance Enhancement of Electricity Distribution Operations. |
| 3. | ISO 9001:2008 re-certification | Bureau Veritas Certification (India) Private Limited | 23.12.2014 | 23.12.2014 | 22.12.2017 | The re-certification signifies the Company's excellent efforts towards Management and Performance Enhancement of Electricity Distribution Operations. |
| 4. | ISO 9001:2015 | Bureau Veritas Certification (India) Private Limited | 12.07.2021 | 12.07.2021 | 11.07.2024 | SCOPE- Management And Performance Enhancement Of Electricity Distribution Operations. |

# રાહ પેટા-વિભાગીય કચેરી લોકાર્પણ


ઉદ્‌ઘાટન




કંપનીના માનવંતા ગ્રાહકો અને કર્મઠ કર્મચારીઓને વધુ સારી સેવાઓ અને સગવડો મળે તે માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હંમેશા પ્રતિબદ્ધ રહે છે જેને અનુલક્ષીને તા. ૯-૧૧-૨૦૨૧ના રોજ ડીસા-૨ વિભાગીય કચેરી હેઠળના થરાદ-૧, થરાદ-૨, ધાનેરા-૧ અને ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરીના વિભાજન દ્વારા નવીન રાહ પેટા-વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવતાં નવીન કચેરી કાર્યરત થયેલ છે.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા, ધારાસભ્ય શ્રી ગુલાબસિંહ રાજપૂત, બનાસ બેંકના ડિરેક્ટર શ્રી શૈલેશભાઈ પટેલ, નાયબ કલેક્ટર શ્રી વી.સી. બોડાણા, મુખ્ય ઇજનેર શ્રી પી.બી. પંડ્યા, શ્રી વી.એમ. શ્રોફ તથા રાજકીય આગેવાનો શ્રી દાનાભાઈ, શ્રી માંગીલાલ, શ્રી જગદીશભાઈ, શ્રી મેવાભાઇ ખટાણા, શ્રી ભેમજીભાઈ, શ્રી જીવરાજભાઈ, શ્રી રૂપસિંહભાઈ, વિશેષ મુખ્ય ઈજનેર પાલનપુર શ્રી એલ.એ. ગઢવી, રાહ પેટા-વિભાગીય કચેરીના કર્મચારીઓ, સામાજિક આગેવાનો, સરપંચો, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

અગાઉ થરાદ-૧ પેટા-વિભાગીય કચેરી હેઠળ થરાદ શહેરની સાથે થરાદ તાલુકાના ૫૯ અને લાખણી તાલુકાના ૦૧ એમ કુલ ૬૦ ગામોને અને થરાદ-૨ પેટા-વિભાગીય કચેરી હેઠળ થરાદ તાલુકાના કુલ ૫૨ ગામોને વિજપુરવઠો પુરો પાડવામાં આવતો હતો. તેજ રીતે ધાનેરા-૧ પેટાવિભાગીય કચેરી હેઠળ ધાનેરા શહેરની સાથે ધાનેરા તાલુકાના ૧૭, થરાદ તાલુકાના ૦૯, લાખણી તાલુકાના ૦૩ અને ડીસા તાલુકાના ૦૫ એમ કુલ ૩૪ ગામોને અને ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ધાનેરા તાલુકાના ૪૫ અને થરાદ તાલુકાના ૦૨ એમ કુલ ૪૭ ગામોને વીજપુરવઠો પુરો પાડવામાં આવતો હતો. આમ, થરાદ તાલુકાના કુલ ૧૨૪ ગામો પૈકી ૧૧ ગામોને ધાનેરા -૧ અને ધાનેરા-૨ પેટા-વિભાગીય કચેરી દ્વારા વીજ પુરવઠો પુરો પાડવામાં આવતો હતો.

થરાદથી ધાનેરા સુધીનું અંતર ૪૬ કીમી


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન

જેટલું વધુ હોવાથી થરાદ તાલુકાના ૧૧ જેટલા ગામના વીજગ્રાહકોને રોજબરોજના વીજકચેરી લક્ષી કામો માટે ધાનેરા-૧ અને ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરી નો સંપર્ક કરવામાં ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ ને ધ્યાનમાં રાખી અને થરાદ-૧, થરાદ-૨, ધાનેરા-૧ અને ધાનેરા-૨ પેટાવિભાગીય કચેરીના કાર્યભારને અનુલક્ષીને રાહ ગામ અને તેની આસપાસના ૩૨ ગામોના અંદાજે ૧૬૪૯૬ ગ્રાહકોને પડતી મુશ્કેલીનું નિવારણ કરવા માટે અને આ ગામોમાં વધુ સારી વીજસેવા પ્રદાન કરી શકાય તે હેતુથી રાહ ખાતે નવીન પેટા-વિભાગીય કચેરીનું નિર્માણ કરવામાં આવેલ છે.

નવીન રાહ પેટા-વિભાગીય કચેરી કાર્યરત થવાથી તેની આજુબાજુના કુલ ૦૭ સબ-સ્ટેશનો માથી ૮૩ વીજફિડરો દ્વારા અને ૪૧૫૦ વીજટ્રાન્સફોર્મર દ્વારા ૧૬૪૯૬ જેટલા વીજગ્રાહકોને વીજપુરવઠો પુરો પાડવામાં આવશે. નવીન રાહ પેટાવિભાગીય કચેરી હેઠળ ૧-નાયબ ઈજનેર, ૨-જુનીયર ઈજનેર, ૧- નાયબ અધિક્ષક (એકાઉન્ટ), ૨- સિનિયર આસીસ્ટંટ, ૧-લાઇન ઇન્સ્પેક્ટર અને ૪- આસિસ્ટન્ટ લાઇનમેન એમ કુલ ૧૧ નવીન સ્ટાફ અને અન્ય ૩૬ કર્મચારી હયાત પેટા-વિભાગીય કચેરીમાથી નિયુક્ત કરી કુલ ૪૭ નો સ્ટાફ કાર્યરત કરવામાં આવેલ છે.

તદ્‌ઉપરાંત, નવીન રાહ પેટા-વિભાગીય કચેરીનું નિર્માણ થવાથી થરાદ-૧ પેટા-વિભાગીય કચેરીમાથી ૧૮ ગામ, થરાદ-૨ પેટા-વિભાગીય કચેરીમાથી ૦૨ ગામ, ધાનેરા-૧ પેટા-વિભાગીય કચેરીમાથી ૦૮ ગામ અને ધાનેરા-૨ પેટા-વિભાગીય કચેરીમાથી ૦૪ ગામ નો કાર્યભાર ઘટવાથી જે-તે પેટા-વિભાગીય હેઠળના બાકી રહેતા ગામોમાં વીજગ્રાહકોને અવિરત વીજપુરવઠો પુરો પાડવામાં અને વધુ ઝડપી વીજસેવા પુરી પાડવામાં મદદ મળશે.

કાર્યક્રમનું સંચાલન શ્રી સ્નેહલભાઇ જોશી, નાયબ અધિક્ષક હિસાબ, કોર્પોરેટ ઓફિસ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ. ■

## માનનીય મંત્રીશ્રીઓ દ્વારા 'આપણું યુજીવીસીએલ' મેગેઝિનનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી નિયમિત પ્રકાશિત થતું 'આપણું યુજીવીસીએલ' દ્વિ-માસિક મેગેઝિનનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી રહેલ માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તથા માનનીય આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ. મેગેઝિનમાં દર્શાવેલ વિગતો અંગે પ્રસન્નતા અનુભવી ભવિષ્યમાં નિયમિત મળે તે માટે અનુરોધ કરેલ. ■





## કલર્સ ટીવી પર "તસ્વીર સે તકદીર" અંતર્ગત રમત સ્પર્ધામાં પસંદગી

તા. ૨૬-૧૨-૨૦૨૧ના રોજ જાણીતી હિન્દી ચેનલ **"કલર્સ"** દ્વારા રજુ કરવામાં આવેલ **"બીગ પિક્ચર શો"** કાર્યક્રમ અંતર્ગત **"તસ્વીર સે તકદીર"**માં રજુ થયેલ રમત સ્પર્ધામાં કોર્પોરેટ ઓફિસ ખાતે એચ.આર. વિભાગમાં દફતરી તરીકે ફરજ બજાવતા શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતના ધર્મપત્ની શ્રીમતી ઈન્દુબેન સુરેન્દ્રસિંહ રાજપૂત સમગ્ર ભારતમાં કરવામાં આવેલ ઓડીશન બાદ પસંદગી પામેલ, જે કાર્યક્રમનું સંચાલન મશહૂર હિન્દી ફિલ્મ અભિનેતા શ્રી રણવીર સિંઘ દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન અભિનેતા શ્રી રણવીર સિંઘ દ્વારા શ્રીમતી ઈન્દુબેન દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ વડાપાઉંની વાનગીઓનો ટેસ્ટ કરીને વખાણ કરેલ. આત્મનિર્ભર



બનવા માટેના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્રને ચરિતાર્થ કરવા માટે શ્રીમતી ઈન્દુબેન દ્વારા પોતાની સંસ્થા **"ચીલી એન્ડ ચીઝ"** દ્વારા કરવામાં આવી રહેલ પ્રયત્નોને તેમની સુપુત્રીઓ કુમારી વૈષ્ણવી, કુમારી ખુશી, કુમારી સૌમ્યા તથા પતિ તરીકે શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂત સહયોગ આપી રહેલ છે.

આત્મનિર્ભર મહિલા તરીકે શ્રીમતી




ઈન્દુબેન સુરેન્દ્રસિંહ રાજપૂતને મળેલ પ્રસિદ્ધિ અંગે યુજીવીસીએલ પરિવાર ગર્વ સાથે ગૌરવની લાગણી અનુભવે છે અને તેમની કારકિર્દીમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. ■

## પોલીસ ઈન્સ્પેકટર તરીકે થયેલ પસંદગી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ

તાજેતરમાં ગુજરાત પબ્લિક સર્વિસ કમીશન દ્વારા આયોજિત **"પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ-૨"** ની પરીક્ષામાં મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા શ્રીમતી નીરૂબેન ગોવિંદભાઈ પટેલના સુપુત્ર ચિ. નીલ ગોવિંદભાઈ પટેલ સમગ્ર ગુજરાતમાં પાંચમાં ક્રમે ઉત્તીર્ણ થયેલ છે. ચિ. નીલ મહેસાણાના જાણીતા ક્રિકેટર તરીકે ગુજરાતની **"રણજી ટ્રોફી"** ના કેમ્પમાં



પણ અગાઉ પસંદગી પામેલ.

યુજીવીસીએલ પરિવાર ગર્વ સાથે ગૌરવની લાગણી અનુભવે છે અને પોલીસ ઈન્સ્પેકટર તરીકે થયેલ પસંદગી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ચિ. નીલ ના પિતા સ્વ. શ્રી ગોવિંદભાઈ પટેલ, નાયબ ઈજનેર તરીકે મહેસાણા ખાતે ફરજ બજાવતા હતા અને બ્રીજની રમતના કુશળ ખેલાડી હતાં. ચિ. નીલ પોતાની વ્યવસાયિક કારકિર્દીમાં ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરે તે માટે યુજીવીસીએલ પરિવાર હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવે છે. ■

**હાઈકૂ**

હૂંફ તમારી
મને પ્રેરણા આપે
એટલું કાફી.

**શ્રી એચ.બી. લિમ્બાચીયા,**
નિવૃત્ત નાયબ ઈજનેર, યુજીવીસીએલ

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ

કુ. ફોરમ ચુડાસમા સુપુત્રી શ્રીમતી દક્ષાબેન મારૂ, સીનીયર આસિસ્ટન્ટ સાબરમતી વર્તુળ કચેરી દ્વારા તેમના પિતાશ્રી ધર્મેન્દ્રભાઈ ચુડાસમા સાથે મોટરસાઈકલ (Royal Enfield, Classic-350) ઉપર લેહ-લદાખની સાહસીક યાત્રા અમદાવાદથી શરૂ કરેલ અને આ એડવેન્ચર રાઈડ તેઓએ 17 દિવસમાં પુરી કરેલ છે. આશરે 3200 કી.મી. ની રાઈડ જેમાં જોઝીલા પાસ-જે દુનિયાના 10 સૌથી ખતરનાક રોડમાં નો એક પાસ છે. ખારડુંગલા ટોપ, ચાંગલા ટોપ, ફટુલા ટોપ કે જે 17900 ફૂટની ઉંચાઈએ આવેલા છે અને દુનિયાનાં સૌથી ઊંચા મોટરેબલ પાસ છે ત્યાં પણ તેઓ ગયેલ છે તથા Nubravelly, Pengong Lake, DiskitMonestry, shanti Stupa, Kargil Memorial war Place and Hall of Fame જેવા સ્થળોની પણ મુલાકાત લીધેલ છે. આટલી નાની ઉંમરમાં તેમની આવી સાહસિક રાઈડ બદલ પુત્રી-પિતાની જોડીને યુજીવીસીએલ પરિવાર અભિનંદન પાઠવે છે.




કુમારી ફોરમ ચુડાસમા સિલ્વર ઓક યુનિવર્સીટીમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. યુટ્યુબમાં "Royal Rider Foram" નામે તેમની પોતાની ચેનલ છે. પોતાની અવનવી બાઈક ઉપર સવારી કરીને અનેક સાહસિક યાત્રાઓ કરેલ છે. તેઓ દ્વારા કરવામાં આવેલ સાહસિક યાત્રાઓ કરવા માટે યુજીવીસીએલ પરિવારના અન્ય સભ્યોને પણ પ્રોત્સાહન સાથે ગૌરવ પૂરું પાડે છે. યુજીવીસીએલ પરિવાર તેઓની સાહસિક પ્રવૃત્તિઓને બિરદાવે છે અને ભવિષ્યની યશસ્વી કામગીરી માટે ખુબ-ખુબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

## સન્માન



૦૭ ડિસેમ્બર- સશસ્ત્ર સેના ઝંડા દિવસ નિમિતે સૌથી વધુ ફાળો એકત્ર કરવામાં યુજીવીસીએલ વર્તુળ કચેરી, હિંમતનગરે તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ. જે બદલ કલેક્ટરશ્રી, સાબરકાંઠા દ્વારા અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહ વતી ટ્રોફી તથા સન્માનપત્રથી સન્માનિત કરેલ. ■

## પ્રતિભાવ

It's awesome edition fo Oct-Nov Month Day by Day... Specially heart touching story... જીત સૌનો લાકડવાયો... Having gr8 narration & climax. Day by Day આપણું યુજીવીસીએલ Magazine is creating new milestones. Heartily Congratulations & best wishes. **- શ્રી પલ્કેશ પ્રજાપતિ**, એચ.આર. વિભાગ, આર.ઓ. મહેસાણા

Once again hard work & great efforts by you and your team. Congratulations to all team members. **- શ્રી આર.વી. ઓડ**, નાયબ ઈજનેર, રણાસણ

Very Nice Super. Your Work is always first number. Very Very appreciated. Thank You So nuch.
**- શ્રીમતી દીનાબેન રાવલ**, સિનિયર આસિસ્ટન્ટ, બોપલ

Very good coverage of All incidents.
**- શ્રી અશોક મુલાણી**, નિવૃત્ત કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ, ગાંધીનગર.

Good work and great job, Congratulations for your heard work and this achievment Once again.
**- શ્રી આર.સી. પંડ્યા**, નિવૃત્ત નાયબ અધિક્ષક, કલોલ

## ડીસામાં જીઈબી કર્મીઓની મંડળીનું સ્નેહમિલન

ડીસાની જીઈબી કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીનો સ્નેહમિલન કાર્યક્રમ મંડળીના પ્રમુખ મહેન્દ્ર સુંઢીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં ઉપપ્રમુખ રાજુભાઈ પટેલ, સહમંત્રી ભરતભાઈ શર્મા, કારોબારી સભ્યો હસમુખભાઈ નાઈ, કીર્તિલાલ પુરોહિત, દિનેશભાઈ પુરોહિત સહિત સભાસદો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સંકલ્પ લેબોરેટરીના રાજુભાઈ ઠક્કર તથા નરેશભાઈ ઠક્કરે પણ ઉપસ્થિત રહી રકતદાનના ફાયદા સમજાવ્યાં હતા. સૌ સભાસદોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી અલ્પાહાર કરી સૌ છુટા પડ્યા હતા. ■



## વીજ નિરીક્ષક સાથે પરામર્શ બેઠક

તા. ૨૪-૧૧-૨૦૨૧ના રોજ સાબરમતી ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની અને સરકારશ્રીના ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના નિયંત્રણ હેઠળના ચીફ ઈલેક્ટ્રીકલ ઇન્સ્પેક્ટરના કાર્યાલયના અધિકારીઓ વચ્ચે વીજ સુરક્ષા અંગે પરામર્શ બેઠકનું આયોજન કરવામાં આવેલ.




આ પ્રસંગે શ્રી એ.બી. ચૌધરી, ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રીકલ ઇન્સ્પેક્ટર અને શ્રી આર.ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઈજનેર, સાબરમતી સર્કલ ઓફિસ, શ્રી આર.સી. દેસાઈ, અધિક્ષક ઈજનેર (ડી.એસ.એમ.) ઉપસ્થિત રહેલ.

પરામર્શ બેઠકમાં બનેલ વીજ-અકસ્માતો અંગે તેમજ તેના નિવારણ અંગેની બાબતો અંગે ચર્ચા કરવામાં આવેલ. કર્મચારીઓ અને ગ્રાહકો માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલ વીજ-સલામતી અંગેની પુસ્તિકા માટે સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. વીજ-અકસ્માત અંગે ઝડપી માહિતીના આદાનપ્રદાન અંગે સોશ્યલ મીડિયા ના વોટ્સએપ માધ્યમનો ઉપયોગ કરવાનું સૂચવવામાં આવેલ. વીજ-અકસ્માતો અંગેના પ્રશ્નોનું ત્વરિત સંતોષકારક રીતે નિવારણ થાય તે માટે સંમતિ સાધવામાં આવેલ. હકારાત્મક વાતાવરણ વચ્ચે વીજ-સુરક્ષા જળવાય તે માટે સતત એક બીજાને સંકલનમાં રહેવાની પ્રતિબદ્ધતા સાથે પરામર્શ બેઠક પૂર્ણ થયેલ. ■

## સલામતી અંગે પરામર્શ બેઠક

તા. ૦૨/૧૨/૨૦૨૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વર્તુળ કચેરી હિંમતનગરના તાબા હેઠળના તમામ ઇજનેર તથા લાઇન સ્ટાફ સાથે સલામતી અંગેની જાગ્રતતા લાવવાના અભિયાન અંતર્ગત કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ.રંધાવાના અધ્યક્ષ સ્થાને માર્ગદર્શન આપવામાં આવેલ.



જેમાં મુખ્ય ઇજનેર(ઓપી.) શ્રી પી.બી.પંડ્યા, મુખ્ય ઇજનેર(પી) શ્રી વી.એમ.શ્રોફ, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી રાજેન્દ્ર જૈન, વિશેષ મુખ્ય ઇજનેર (ટેકનિકલ) શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઈજનેર (હિંમતનગર) શ્રી પી.સી. શાહ તથા અન્ય અધિકારીગણ હાજર રહેલ.

સદર મિટિંગમાં સલામતી અંગે યુજીવીસીએલ દ્વારા તૈયાર કરવામાં આવેલ વીડિયો ફિલ્મ, બતાવવામાં આવેલ તથા મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા લાઇન સ્ટાફ દ્વારા સલામતીના સાધનો વાપરીને જ કામ કરવા સૂચના પાઠવવામાં આવેલ. મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા દ્વારા લાઇન સ્ટાફ દ્વારા સલામતીના સાધનો વાપરવાનો ખાસ આગ્રહ રાખેલ.

વધુમાં આ પ્રસંગે સ્વ. વજાજી અમરાજી પરમાર ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ, દેશોતર પેટાવિભાગીય કચેરીને તા. ૨૧/૦૭/૨૦૨૦ના રોજ પ્રાણઘાતક અકસ્માત નડેલ, જેમના ધર્મ પત્ની ભાવનાબેન વજાજી પરમાર હાજર રહી પોતાની વ્યથા તેમજ એક કુટુંબીજન ગુમાવ્યા બાદ થયેલ પરિસ્થિતી અંગે માહિતગાર કરી તથા દરેક લાઇન સ્ટાફ ને પરિવારને સામે રાખી સલામતીના સાધનો પહેરીને જ કામ કરવા અપીલ કરેલ. ■

## મહેસાણા સિવિલ હોસ્પિટલને ઓક્સિજન સિલિન્ડર અર્પણ

કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી પ્રવૃત્તિના ભાગરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કેન્દ્ર સરકારના કોર્પોરેટ મંત્રાલય દ્વારા વખતો વખત પરિપત્ર દ્વારા સૂચનાઓ પાઠવવામાં આવે છે તેને લક્ષ્યમાં લઈને વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે તેવી જ એક પ્રવૃત્તિનું આયોજન તા.૩૦-૪-૨૦૨૧થી તા.૩૧-૫-૨૦૨૧ દરમ્યાન નારાયણી હોટેલ ખાતે કંપનીના કર્મચારીઓ માટે કોવિડ કેર સેન્ટર શરૂ કરીને કરવામાં આવેલ. કોરોનાથી સંક્રમિત કર્મચારીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ.



કોવિડ-૧૯ની પરિસ્થિતિ એકંદરે થાળે પડતા કંપનીના સત્તાધિશો દ્વારા સારવાર માટે ખરીદવામાં આવેલ ૧૦ ઓક્સિજન સીલીન્ડર મહેસાણા પાસે આવેલ સીવીલ હોસ્પિટલમાં અર્પણ કરવાનું નક્કી કરવામાં આવતા તા.૨૭-૧૦-૨૦૨૧ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે મહેસાણા જિલ્લાના આરોગ્ય અધિકારી અને સીવીલ સર્જન, સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર શ્રી પી.બી.પંડ્યા, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, કાર્યવાહ મહાપ્રબંધક (નાણા.) શ્રી રાજેન્દ્ર જૈન, વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી એ.સી. પ્રજાપતિ અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેલ. ■

# હવે વોટ્સએપ નંબરથી પણ ફરિયાદ નિવારણ

યુજીવીસીએલના વીજ ગ્રાહકો હવે વીજળીને લગતી ફરિયાદ સોશિયલ મીડિયાના માધ્યમથી પણ કરી શકશે. તે માટે યુજીવીસીએલ દ્વારા વોટ્સએપ નંબર જાહેર કર્યો છે. વીજ ગ્રાહકે મોબાઈલથી વોટ્સએપ નંબર પર મેસેજ કરી પોતાની ફરિયાદ નોંધાવવાની રહેશે ત્યાર બાદ કંપની દ્વારા ફોન કરવામાં આવશે અને ત્વરિત ગ્રાહકની ફરિયાદનું નિકારણ લાવવામાં આવશે.

મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી સહિત જિલ્લાઓમાં યુજીવીસીએલ દ્વારા ઘરેલું અને વાણિજ્ય હેતુ માટે વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ જિલ્લાઓની મુખ્ય કચેરી મહેસાણા છે. વીજ ગ્રાહકોને વીજ વિક્ષેપ કે વીજળીને લગતી અન્ય ફરિયાદો માટે કસ્ટમર કેર સેન્ટર બનાવેલું છે. જોકે કોઈ સમયે વધારે ફરિયાદોના કારણે લેન્ડ લાઈન ફોન વ્યસ્ત આવતા હોવાના કિસ્સાઓ પણ બનતા હતા. વીજ ગ્રાહકોને આ સમસ્યાથી છૂટકારા માટે કંપની દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી ફરિયાદ નિવારણનો નવતર પ્રયોગ હાથ ધર્યો છે. વીજ ગ્રાહકોએ મોબાઈલથી યુજીવીસીએલના વોટ્સએપ નંબર ૯૮૨૫૮ ૧૯૧૨૧ પર મેસેજ કરી વીજળીને લગતી સમસ્યાની જાણ કરવાની રહેશે.

કંપનીના કસ્ટમર કેર સેન્ટરમાં લેન્ડલાઈન ફોન પર ફરિયાદ નોંધવામાં આવે છે. ઘણીવાર વધારે ફરિયાદોને લીધે ફોન વ્યસ્ત રહેવાના કિસ્સા બનતા હતા. જેથી ગ્રાહકોને સેવા પૂરી પાડવામાં થોડો સમય લાગતો હતો. હવે ગ્રાહકોને વધુ સારી અને ઝડપી સેવા પૂરી પાડવા સોશિયલ મીડિયા મારફત ફરિયાદ લેવાની શરૂઆત કરવામાં આવી છે. ■

# વિભાગીય કચેરી ડીસા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિભાગીય કચેરી ડીસા દ્વારા આયોજિત આઝાદીનો અમૃત મહોત્સવના ભાગરૂપે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. સંકલ્પ વોલન્ટરી બ્લડ બેંક ડીસા દ્વારા સગવડ પુરી પાડવામાં આવેલ.

ધી જીઈબીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિમિટેડ, ડીસા દ્વારા રક્તદાન કરનાર કર્મચારીઓને કોઈ તકલીફ ના પડે તેની વિશેષ કાળજી લઈ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ■

# યુજીવીસીએલ પરિવારે બે વીજકર્મી ગુમાવ્યા

### શ્રી મનુભાઈ ગણેશભાઈ પટેલ, નાયબ ઈજનેર



તા. ૧૩-૧૧-૨૦૨૧ના રોજ શ્રી મનુભાઈ ગણેશભાઈ પટેલ, નાયબ ઈજનેર, ચાણસ્મા પેટા-વિભાગીય કચેરીનું અકાળે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. એમ.જી. પટેલે તા. ૦૬-૦૮-૧૯૯૧ના રોજ પાલીતાણા ખાતેથી પોતાની જુનિયર ઈજનેર તરીકેની નિમણુક મેળવ્યા બાદ શિહોરી, દિયોદર, પાટણ રૂરલ સબ-ડિવિઝનમાં ફરજ બજાવેલ.

તા. ૬ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ નાયબ ઈજનેર તરીકે સમી પેટા-વિભાગીય કચેરી ખાતે બઢતી મેળવેલ. ત્યારબાદ પાટણ, પાલનપુર ખાતે ફરજ બજાવીને તા. ૪ ઓક્ટોબર ૨૦૨૧થી ચાણસ્મા પેટા-વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા હતાં. ૩૦ વર્ષ સુધી યુજીવીસીએલમાં ફરજ બજાવેલ. એક અનુભવી અધિકારી તરીકેની કારકિર્દી બાદના અવસાનથી સમગ્ર યુજીવીસીએલ પરિવાર આઘાત સાથે શોકની લાગણી અનુભવે છે. દિવંગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓના પરિવાર પર આવેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે. ■

### શ્રી નીલેશભાઈ રત્નાભાઈ વણકર



તા. ૨૨-૧૨-૨૦૨૧ના રોજ શ્રી નીલેશભાઈ રત્નાભાઈ વણકર, ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ, ઇડર ગ્રામ્ય પેટા-વિભાગીય કચેરીનું માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ. એન.આર. વણકર તા. ૨૭-૧૦-૨૦૧૬ના રોજ ઇડર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતે પોતાની ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ તરીકેની નિમણુક મેળવ્યા બાદ તા. ૨૨-૧૨-૨૦૨૧ સુધી માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળાની ફરજ દરમ્યાન પોતાના પરિવારમાં બે દીકરી અને પત્નીને પાછળ મૂકીને ગયા છે. ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ તરીકેની ટૂંકી કારકિર્દી ધરાવનાર શ્રી વણકરના અવસાનથી સમગ્ર યુજીવીસીએલ પરિવાર આઘાત સાથે શોકની લાગણી અનુભવે છે. દિવંગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓના પરિવાર પર આવેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે. ■

# દિવાળીની અમુલ્ય બક્ષીસ

**લેખક : શ્રી કલ્પેશકુમાર વિઠ્ઠલભાઈ પરમાર,** નાયબ અધિક્ષક (હિસાબ), જીયુવીએનએલ, વડોદરા

**રચના: મૌલિક રચના**

ખેડા જિલ્લાનું એક અંતિસર ગામ હતું. એક પોસ્ટમેન (ટપાલી) એક દિવસ ઘરના દરવાજાને ખખડાવતાં કહ્યું ''ટપાલ લઇ લેજો.''

અંદરથી એક છોકરીનો અવાજ આવ્યો, આવું છું...

પરંતુ ત્રણ-ચાર મિનીટ સુધી પણ કોઈ ના આવ્યું, તેથી ટપાલીએ ફરીથી કહ્યું. અરે ભાઈ... ઘરમાં કોઈ છે કે નહીં... તમારી ટપાલ લઈલો.

ઘરની અંદરથી છોકરીનો અવાજ આવ્યો... ''આવું છું. ટપાલી સાહેબ. આપણે જો ઉતાવળ હોય તો ટપાલને દરવાજાની નીચેથી ટપાલ સરકાવી દો.

પોસ્ટમેન (ટપાલી)એ કહ્યું, ''ના... હું અહીં જ ઊભો છું. આ રજીસ્ટર પણ છે એટલે આ રજીસ્ટર ટપાલ મળ્યાની ચબરખીમાં સહી લેવી પડશે.''

આશરે છ-સાત મિનિટ પછી ઘરનો દરવાજો ખુલ્યો. ટપાલી મોડેથી દરવાજો ખોલવાથી ખૂબ જ ગુસ્સામાં હતો, પણ જોઈને ચોંકી ગયો.

કારણ કે તેની નજર સામે એક દિવ્યાંગ (અપંગ) છોકરી કાંખ-ઘોડીના સહારે ઊભેલી હતી.

ટપાલી ચૂપચાપ ચિઠ્ઠી (ટપાલ) આપી અને તેની સહી લઈને ચાલ્યો ગયો.

અઠવાડિયે-પખવાડિયે જ્યારે તે છોકરીની ટપાલ આવતી ત્યારે પોસ્ટમેન એક જ વખત બૂમ પાડીને અવાજ કરતો અને જ્યાં સુધી છોકરી ઘરમાંથી બહાર ન આવે ત્યાં સુધી શાંતિથી રાહ જોતો હતો.

એક દિવસની વાત છે. છોકરીએ ટપાલીને ચંપલ વગર નંગે પાવ જોયો. દિવાળી નજીક આવી રહી છે... મનમાં ને મનમાં વિચારતી કે હું શું બક્ષીસ આપું...

ટપાલી એક દિવસ ટપાલ લઇને તેના ઘરે ગયો... પછી એ છોકરીએ માટીમાં પડેલ ટપાલીના પગનાં ચિન્હોના નિશાન બન્યા હતા. તેને કાગળ પર અંકિત કરી લીધા. આગલા દિવસે તેના ઘરે આવતી કામવાળી બાઈ પાસે ટપાલીના માપના જૂતા (પગરખાં) મંગાવી લીધા.



દિવાળી નજીક આવી રહી હોવાથી અઠવાડિયા અગાઉ પોસ્ટમેને ગામની દરેક ગલી-ગલીમાં જઇને બધા ગામ લોકો પાસે દિવાળીની બક્ષીસ માંગવાની શરૂ કરી. ટપાલીને મનમાં ને મનમાં થયું કે પેલી દિવ્યાંગ (અપંગ) છોકરી પાસેથી કોઈ પણ બક્ષીસ લઈશ નહીં... પણ તેને થયું કે, આ ગામમાં આવ્યો છું તો તેને મળી લઉં.

ટપાલીએ દરવાજો ખટખટાવ્યો.. દરથી અવાજ આવ્યો કોણ...??

''ટપાલી'' જવાબ મળ્યો.

થોડીવારમાં એ છોકરી એક હાથમાં ગિફ્ટ લઇને આવી અને કહ્યું... અંકલ, આ મારા તરફથી આપને દિવાળીની એક નાનકડી ભેટ...!!

પોસ્ટમેને કહ્યું, તું તો મારી પુત્રી સમાન છે. હું ગીફ્ટ કેવી રીતે લઉં...!! મારીથી આ ન લેવાય બેટા.

દીકરીએ ખૂબ જ આગ્રહ કર્યો એટલે દિવાળીનું હું ગિફ્ટ લેવાનું ના ન પાડી શક્યો. એમ કહીને સારું... અને ગીફ્ટ લઇને ત્યાંથી ચાલ્યો ગયો.

એ છોકરીના આગ્રહ અને વિનંતીથી ટપાલી એ ઘરે આવીને ગીફ્ટ બોક્ષ ખોલ્યું તો તે આશ્ચર્યચક્ત થઈ ગયો. કારણ કે તે બોક્ષમાં એક જોડી જૂતાં (પગરખાં) હતાં. એ જોઈને ટપાલીની આંખો ભરાઈ ગઈ.

બીજા દિવસે તે ઓફિસે પહોંચ્યો અને પોસ્ટ માસ્તરને વિનંતી કરી કે મારી બદલી (ટ્રાન્સફર) કરી આપો. પોસ્ટ માસ્તરે પૂછ્યુઃ''ભાઈ, અચાનક શું થયું...?? કેમ બદલી માંગો છો...?

ટપાલીએ બક્ષિસમાં મળેલ જૂતાં પોસ્ટ માસ્તરને ટેબલ પર રાખીને અથથી ઇતિ સુધી પૂરી કહાની સંભળાવી અને ભીની આંખો અને ગહગળા અવાજે કહ્યું કે આજ પછી એ ગલીમાં પગ નહીં મૂકું. કારણ કે એ દિવ્યાંગ (અપંગ) છોકરીએ મને મારા પગના રક્ષણ માટે અમુલ્ય જૂતાનો ઉપહાર આપ્યો. પણ હું તેના માટે પગ ક્યાંથી લાવું...!!!

સંવેદનશીલતાનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. સંવેદનશીલતા એટલે બીજાના દુઃખ, દર્દને સમજવું, અનુભવ કરવું અને એક બીજાના દુઃખ સુખમાં ભાગીદાર થવું.

ઈશ્વરને પ્રાર્થના કરીએ એ કે આપણને સંવેદનશીલતારૂપી આભૂષણ પ્રદાન કરે. જેથી આપણને બીજાના દુઃખ સુખની ઘડીમાં કોઈ એવું મહેસુસ ન કરીએ કે તે એકલો છે, પણ માનવતા તેની સાથે છે. ■

## બે રસ્તા

સુખ દુઃખ ના છે બે રસ્તાઓ
સુખનો રસ્તો મને તો બતાવો
સીધાને સાદા તો દુઃખી છે આજે
દુર્જન સઘળા જન સુખી છે આજે
ક્યાં છે આ સુખ દુઃખની તરાજુ
કોણ અહીં રાજા ને કોણ છે પ્યાદુ
કોઈ સુખના સાગરમાં તરે છે
કોઈ દુઃખના દરિયામાં ડુબે છે
ડૂબવું ને તરવું કોના હાથમાં છે
જગ આખુ આ તો ઈશ્વર હાથમાં છે.

**– શ્રી રક્ષિત ઉષાકર વોરા 'ક્ષિતિજ'**
ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ, મીટર ટેસ્ટીંગ લેબ, ગાંધીનગર

સમય તો નિરંતર ફર્યા કરે છે
જે ના મળે એનીજ ખેવના થયા કરે છે.

બધાની વચ્ચે શું કામ એકલો ફરે તું,
પુછ તું સમંદરને વિશાળ છતા વહમું લાગ્યા કરે છે.

ઇચ્છાઓના અસ્તમાં શું કામ મુંઝાય તું,
રોજ સવારે સુરજ કેવો તેજોમય ઉગ્યા કરે છે.

સુખ-દુઃખ તો જીંદગીમાં આવ્યા કરે દોસ્ત,
જીંદા છે એમને જ જીંદગી આવુ કર્યા કરે છે.

પાણીના જોયા ક્યાંય રંગબેરંગી કલર,
અમુલ્ય હોય એજ રંગવિહીન રહ્યા કરે છે.

**– શ્રી સંદીપ ચૌધરી** (સંભાવ)
નડિયાદ, એમજીવીસીએલ

## જો તું સાથે હોઈશ...

નહિ રહે જમીન પર મારા પગ,
જો તું સાથે હોઈશ...
ઉડાન ભરીશ બનીને વિહંગ,
જો તું સાથે હોઈશ...
જઈશ ટમટમતા તારલીયાઓની ભણી,
જો તું સાથે હોઈશ...
ભરી લઈશ એ ટોપલામાં જે ન શકાય ગણી,
જો તું સાથે હોઈશ...
ગોઠવીશ એવો ચાંદલિયો ચેમ્પ,
જો તું સાથે હોઈશ...
જાણે હોય એ નાનકડો નાઈટ લેમ્પ,
જો તું સાથે હોઈશ...
વહેલી પરોઢ પડશે પંખીઓની ચહેક સાથે,
જો તું સાથે હોઈશ...
ફૂલો પણ ખીલશે પોતાની મહેક સાથે,
જો તું સાથે હોઈશ...
નહિ વાગે ઠોકરો કે નહીં પડે ઘાવ,
જો તું સાથે હોઈશ...
આમ જ પાર ઉતરશે જીવન કેરી નાવ,
જો તું સાથે હોઈશ...

**– શ્રી પ્રણય વાવડિયા**
નાયબ અધિક્ષક (હિસાબ), આર.ઓ. મહેસાણા

## મેહુલિયા તારે...

વસુંધરા ને મળવુ તુ તો વહેલા આવવુ તુ
મોડો કેમ આવ્યો?

આમ મોડા ન અવાય આવવુ તુ તો

ધીરે ધીરે ધીમી ધારે

તૂટક તૂટક ટૂકડે ટૂકડે

સમયાન્તરે થોડો લગાર

થોડો વધાર ઝરમર ઝરમર

આમ મોડા ન અવાય મોડો મોડો

પણ,તુ તો વરસ્યો મુશળધાર
આમ,મુશળધાર બની ને માનુની ને ના મળાય

વરસી ને મુશળધાર
શુ વસુંધરાને બનાવવી તી નિરાધાર?

વસુંધરા બનશે નિરાધાર
પછી તેને કોનો આધાર

વસુંધરા બની ગઈ નિરાધાર
હવે તો લજ્જા રાખશે કિરતાર

**– શ્રી અમૃતભાઈ શ્રીમાળી**
નિવૃત્ત કર્મચારી, યુજીવીસીએલ

# ગ્રાહકલક્ષી સેવા માટે વધુ એક નવતર અભિગમ...

હવે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના
માનવંતા ગ્રાહકો વીજ ફરિયાદ
ટોલ ફ્રી નંબર ઉપરાંત સોશ્યલ મીડિયાના માધ્યમ દ્વારા
વોટ્સએપ મેસેજથી પણ નોંધાવી શકે છે.

WhatsApp **૯૮૨૫૮ ૧૯૧૨૧**

## મધ્યસ્થ ગ્રાહક સુવિધા કેન્દ્ર

- ૨૪ કલાક સેવા
- સેવાલક્ષી અભિગમ
- વીજ ફરિયાદોનું ત્વરિત નિવારણ
- સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ આપવાનો પ્રયાસ

**ટોલ ફ્રી નંબર : ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

આપણું યુજીવીસીએલ

આ અંક આપને કેવો લાગ્યો? આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com